અનુસૂચિત જનજાતિ માટે સમાજ શિક્ષણ શિબિર બાબત.

**ગુજરાત સરકાર**
આદિજાતિ વિકાસ વિભાગ
**ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૯/ન.બા-૧૬/ધ**
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૫/૧૦/૨૦૧૯

**<u>વંચાણે લીધા:-</u>**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૮/૦૪/૨૦૧૩નો ઠરાવ ક્રમાંકઃ ટીએપી/૨૦૧૨/ન.બા-૧૩/ધ

(૨) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૧૫/૦૫/૨૦૧૯નો પત્ર ક્રમાંક: આવિ/ સેલ/ ફા.નં.૬૩૪૭/૨૦૧૯-૨૦/૫૪૫ થી ૪૬

**<u>પ્રસ્તાવના:-</u>**

રાજ્ય સરકાર દ્વારા અનુસૂચિત જનજાતિ વિસ્તારમાં અનુસૂચિત જનજાતિના લોકોમાં અક્ષરજ્ઞાનના પ્રમાણ ઓછું હોવાથી (અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ના અમલની, વનબંધુ કલ્યાણ યોજના વગેરેની જાણકારી લાભાર્થીઓ અને સામાજિક કાર્યકરોને તાત્કાલિક મળી રહે તેવા ઉમદા હેતુથી તાલુકા પંચાયતો અથવા સ્વૈચ્છિક સંસ્થાઓના નેતૃત્વ હેઠળ જિલ્લા અને તાલુકા કક્ષાએ સમાજ શિક્ષણ શિબિર અંગેની યોજના તા.૩૦/૧૧/૧૯૮૫ના ઠરાવ ક્રમાંકઃ એસટી/ડબલ્યુ/૨૧૮૫/ ૧૮૯/૮૫/ધ થી અમલમાં મુકવવામાં આવી છે જેમાં શિબિર દીઠ ખર્ચ પેટે રૂ.૧,૦૦૦/- આપવામાં આવતા હતા. ત્યારબાદ તા.૦૭/૦૨/૧૯૯૨ તથા તા.૧૯/૦૮/૧૯૯૨ના ઠરાવ ક્રમાંકઃ ટીએપી/ ૧૦૯૧/૯૪૧(૩)/ધ થી તેમાં વધારો કરી ખર્ચની રકમ રૂ.૫,૦૦૦/-કરવામાં આવેલ છે. ત્યારબાદ વંચાણે લીધા (૧) થી તેમાં વધારો કરી ખર્ચની રકમ રૂ.૬૦૦૦/- કરવામાં આવેલ. હાલમાં મોંઘવારી અને ભાવાંકને ધ્યાને લેતાં અત્યાચાર ધારાને લગતું સાહિત્ય, વિભાગ દ્વારા અમલ થતી વિવિધ યોજનાઓની માહિતી, આમંત્રણ પત્રિકા, ભોજન વગેરેના ખર્ચને જોતાં રૂ.૬૦૦૦/-માં શિબિરોનું આયોજન કરવું મુશ્કેલ હોવાથી વંચાણે લીધા (૨) થી સમાજ શિક્ષણ શિબિર અંગેના શિબિર દીઠ રૂ.૬૦૦૦/-ના ખર્ચમાં રૂ.૧૪,૦૦૦/-નો વધારો કરી ખર્ચની રકમ રૂ.૨૦,૦૦૦/- કરવા અંગેની માંગણી ક્રમાંક-૯૩ હેઠળની રૂ.૨.૬૬ લાખની અને માંગણી ક્રમાંક-૯૬ હેઠળની રૂ.૩.૯૨ લાખની વર્ષ ૨૦૧૯-૨૦ માટેની નવી બાબતની દરખાસ્ત કમિશ્નરશ્રી (આ.વિ) દ્વારા કરવામાં આવેલ, જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જનજાતિ માટે સમાજ શિક્ષણ શિબિરોના આયોજન માટે શિબિર દીઠ રૂ.૬૦૦૦/- ની રકમમાં રૂ.૪૦૦૦/-નો વધારો કરી રૂ.૧૦,૦૦૦/- કરવા માટે વર્ષ ૨૦૧૯-૨૦ ના અંદાજપત્રમાં માંગણી ક્રમાંક-૯૩ હેઠળ કુલ રૂ.૨.૬૬ લાખ (અંકે રૂપિયા બે લાખ છાસઠ હજાર પૂરા) અને માંગણી ક્રમાંક-૯૬ હેઠળ કુલ રૂ.૩.૯૨ લાખ (અંકે રૂપિયા ત્રણ લાખ બાણું હજાર પૂરા)ની નવી બાબતની જોગવાઇને નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગની વખતો-વખતની સૂચનોઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણ પાલન કરવાનું રહેશે.

(૯) આ જિલ્લા/તાલુકાઓમાં શિબિરમાં પ્રતિષ્ઠિત સામાજિક કાર્યકરો, અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટે કામ કરતી પ્રતિષ્ઠિત સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રમુખશ્રીઓ/મંત્રીશ્રીઓ, તકેદારી અધિકારીશ્રી/સમાજ કલ્યાણ અધિકારીશ્રી, આદિજાતિ વિકાસને એક શિબિર યોજવાની રહેશે.

(૧૦) આ શિબિરમાં ભાગ લેનારની સંખ્યા ૪૦ કરતાં વધુ રહેશે નહી.

(૧૧) આ શિબિરમાં ભાગ લેનાર સભ્યોને ચા- નાસ્તા તથા ભોજનની વિના મુલ્યે સુવિધા આપવાની રહેશે.

(૧૨) આ જિલ્લા/તાલુકા કક્ષાની શિબિરની ફોટોગ્રાફી/ વિડીયોગ્રાફી કરવાની રહેશે.

(૧૩) આ જિલ્લા/તાલુકા કક્ષાની શિબિરમાં કોઇ ભલામણ/સુચનો થાય તો સરકારશ્રીના ધ્યાને લાવવાના રહેશે.

(૧૪) આ જિલ્લા/તાલુકા શિબિરનું આયોજન કમિશ્નર, આદિજાતિ વિકાસ, ગુ.રા., ગાંધીનગરના પરામર્શમાં રહીને જ કરવાનું રહેશે.

(૧૫) સમાજ શિક્ષણ શિબિરમાં આદિજાતિ વિકાસની યોજનાઓને લગતુ સાહિત્ય અને યોજનાઓની સમજ આપવાની રહેશે.

(૧૬) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૯/૦૫/૧૯૭૯ના ઠરાવ ક્રમાંકઃ SCW/૧૦૭૮/૬૭૬૯૮/જ થી મંજૂર થયેલ બીસીકે-૨૦૪ સમાજ શિક્ષણ શિબિર યોજના હેઠળ જિલ્લા/તાલુકા કક્ષાએ સમાજ શિક્ષણ શિબિર માટેના તા.૦૭/૦૨/૧૯૯૨ના ઠરાવથી નિયત થયેલ સૂચનાઓ અને ઉક્ત ક્રમ (૯) થી (૧૫) પરની શરતો અન્વયે આ શિબિરના ભાગરૂપે હાથ ધરવામાં આવનાર પ્રવૃત્તિઓ માટે નિયત પ્રક્રિયા અનુસરી આ માટેના નિયત ધોરણો અનુસાર ખર્ચ કરવાનો રહેશે. જ્યાં ખર્ચ કરવાના ધોરણો નિયત થયેલ ન હોય ત્યાં વહીવટી વિભાગની તે અંગે મંજૂરી મેળવીને ખર્ચ કરવાનો રહેશે.

(૧૭) આ યોજના માટે નિયત થયેલ કુલ બજેટ ખર્ચ અને નિયત થયેલ શિબિરદીઠ ખર્ચના અનુસંધાને શિબિરોનું આયોજન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રમાં માંગણી ક્રમાંક: ૯૩, મુખ્ય સદરઃ ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨ અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ ૧૦૨ આર્થિક વિકાસ, પેટા સદર-૧૨ સમાજ શિક્ષણ શિબિરના દરમાં વધારો કરવા બાબત અને માંગણી ક્રમાંક: ૯૬, મુખ્ય સદરઃ ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨ અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ ૭૯૬- આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર-૨૩ સમાજ શિક્ષણ શિબિરના દરમાં વધારો કરવા બાબત હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૧૨/૦૯/૨૦૧૯ની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હરેશ દવે)
સેક્શન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના :-</u>

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી,આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર તરફ ઠરાવને વિભાગની વેબસાઇટ ઉપર સત્વરે મુકવા સારૂ.
- સિલેકટ ફાઇલ.